# મોડાસાના એટીએમ મશીનોને લૂણો લાગ્યો





મોડાસા, તા. ૬
નોટબંધીને અઢી વર્ષનો સમયગાળો પૂર્ણ થયો તેમ છતાં અરવલ્લી જીલ્લામાં રોકડ નાણાંનો કકળાટ યથાવત જોવા મળી રહ્યો છે. હજુ પણ બેંકોમાં નાણાં ખૂટી જવાની ઘટનાઓ યથાવત જોવા મળી રહી છે. મોડાસા શહેરના મોટા ભાગની બેંકના એટીએમમાં નાણાં ખૂટી પડતા ગ્રાહકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો. ધોમધખતા તાપમાં ગ્રાહકો એક બેંકના એટીએમમાંથી બીજી બેંકના એટીએમમાં રૂપિયા ઉપાડવા પરસેવો પાડવો પાડ્યો હતો.
મોડાસા શહેર જીલ્લાનું મુખ્યમથક હોવાથી તમામ રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકના એટીએમ ઠેરઠેર ઉભા કરવામાં આવ્યા છે. એટીએમ મશીનોમાં ગમે ત્યારે અને ગમે તે ઘડીએ રૂપિયા ખૂટી પડતા એટીએમના શહરે કામકાજ અર્થે આવેલા પ્રજાજનો ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. છેલ્લા ત્રણ દિવસથી મોટાભાગના એટીએમ મશીનો રોકડ રકમ ખૂટી પડતા છતાં રૂપિયે નિસહાય બન્યા હતા. રોકડ રકમનો અભાવ, બેંકના જવાબદાર અધિકારીઓની આળસ અને એટીએમમાં કેશ ભરનાર એજન્સીની બેદરકારી જવાબદાર હોવાનું ગ્રાહકોએ રોષપૂર્વક જણાવ્યું હતું.
મોડાસા શહેરમાં એટીએમના ભરોશે આરોગ્યલક્ષી સારવાર, લગ્ન પ્રસંગની ખરીદી અને જીવનજરૂરિયાત અને અન્ય કામકાજ અર્થે આવેલા પ્રજાજનો એટીએમ કેશલેશ બનતા રોકડ રકમના અભાવે ભારે હાલાકી ભોગવવાની સાથે દોડાદોડી કરવા છતાં રૂપિયા ન નીકળતા ભારે નિરાશા સાથે તમામ કામો પડતા મૂકી ભારે હૈયે ઘરે પરત ફરવું પડ્યું હતું.

## પ્રાંતિજના ઘડકણ ખાતે પાવાંજી માતાજીનો પ્રથમ પાટોત્સવ યોજાયો

**માઈ ભક્તો તથા ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા : યજ્ઞ મહાઆરતી મહાપ્રસાદનો લાભ લઈને માઈ ભક્તોએ ધન્યતા અનુભવી**

પ્રાંતિજ, તા. ૬
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડકણ ખાતે આવેલ શ્રી પાવાંજી માતાજીનો એક દિવસીય પ્રથમ પાટોત્સવ યોજાયો હતો જેમાં મહાયજ્ઞ આરતી વિધિવત્ રીતે પૂજા રાહુલભાઈ જોષી દ્વારા કરવામાં આવી હતી. એક દિવસ્ય પાટોત્સવ દરમ્યાન



આવેલ શ્રી પાવાંજી માતાજીનો પ્રથમ પાટોત્સવ યોજાયો હતો જેમાં ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.
પ્રાંતિજના ધડકણ ખાતે સહિતના દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મહાયજ્ઞના મુખ્ય યજમાન તરીકે પિન્ટુભાઈ દ્વારા લાભ લીધો હતો. ૧૫ યજમાનોએ યજ્ઞનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. યજ્ઞની ધજારોહ, હવન, આરતી સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાત્રી દરમ્યાન રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ ચીખલીયા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડીસાના વરિષ્ઠ પત્રકારનું દુ:ખદ નિધન

ડીસાના વરિષ્ઠ પત્રકાર અને દલિત સમાજના આગેવાન ખેમચંદભાઈ મોહનભાઈ સોલંકીનું વૈશાખ સુદ બીજ ને તા.૬/૫/૨૦૧૯ ના રોજ હ્રદય રોગના હુમલામાં આકસ્મિક નિધન થતા શોકની લાગણી છવાઈ છે
માતૃ છાયાના તંત્રી તરીકે સમાજની સેવા કરતા ખેમચંદભાઈ સોલંકી નિખાલસ સ્વભાવ અને પરોપકારી વૃત્તિને લઈ બહોળુ મિત્ર વર્તુળ ધરાવતા હતા કોંગ્રેશના અદના સૈનિક તરીકે તેઓ નાનામાં નાના માણસના કામ માટે ખડેપગે રહેતા હતા સમાજના વિકાસ માટે તેઓ આજીવન ઝઝૂમતા રહ્યા હતા આવા નિરાભિમાની નેક દિલ ઈંસાનની આકસ્મિક વિદાયથી હરકોઈએ આઘાતનો આંચકો અનુભવ્યો હતો સેવાકીય કાર્યો બદલ અવનવા અવૉર્ડથી વિભૂષિત સ્વ.ની અંતિમ યાત્રામાં મોટી સઁખ્યામાં મિત્રો, શુભેચ્છકો, સ્નેહી સ્વજનો અને પત્રકારો સહિત પ્રતિષ્ઠિત આગેવાનો જોડાયા હતા.

## વાત્રક ડેમમાંથી ડાબા કાંઠાની કેનાલમાંથી ૩૫ ક્યૂસેક પાણી છોડાતા ખેડૂતો આનંદિત

ગુજરાતમાં પીવાના પાણીની તંગીનું ચિત્ર બિહામણું બની રહ્યું છે. અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણી માટે મહિલાઓ ભારે રઝળપાટ કરી રહી છે. બીજી બાજુ સિંચાઈ પિયત જમીન ધરાવતા ખેડૂતો નસીબદાર હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે. વાત્રક જળાશયમાંથી ડાબા કાંઠાની કેનાલમાંથી ૫ ગામના ખેડૂતોની માંગણીને ધ્યાને લઈ તંત્રએ ૩૫ ક્યુસેક પાણી છોડતા ૨૦૦ હેકટરથી વધુ જમીનમાં ઉનાળુ ખેતીને જીવતદાન મળતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો.
અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ઉનાળાની ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. જો કે જિલ્લાના ત્રણેય ડેમમાં પાણીનો જથ્થો પુરતો હોવાથી પીવાના પાણીની સમસ્યા વર્તાવાની શક્યાતાઓ નહીંવત છે.



હાલ ઉનાળો ખૂબ આકરો બન્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લાના જળાશયોમાં પૂરતું પાણી હોવાથી ખેડૂતો માટે રાહતના સમાચાર મળ્યા છે. સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોની માંગ અનુસાર માઝુમ ડેમ બાદ વાત્રક જળાશયમાંથી સિંચાઈ માટે ત્રીજા તબક્કાનું પાણી છોડાતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. વાત્રક જળાશયમાંથી સિંચાઈ માટે પાણી છોડાતા અંદાજિત ૨૦૦ હેક્ટરમાં ફાયદો થશે.

## લશ્કરી ફોર્સ માટે નિવાસી તાલીમ માટે તમામ ભૌતિક સુવિધાઓ ધરાવતી સંસ્થાઓએ દરખાસ્ત કરવી

પાટણ, તા. ૬
જિલ્લા રોજગાર કચેરી, પાટણ દ્વારા લશ્કરી/અર્ધ લશ્કરી/પોલીસફોર્સ તથા સિક્યુરીટી ગાર્ડમાં જોડાવવા ઈચ્છુક ઉમેદવારો માટે ભરતી પુર્વેનો એક માસનો વિનામૂલ્યે નિવાસી તાલીમવર્ગ આગામી જુન-૨૦૧૯થી શરૂ કરવામાં આવનાર છે. ૩૦ દિવસ સુધી ચાલનારા આ તાલીમવર્ગ અંતર્ગત ૩૦ ઉમેદવારોને રહેવા/જમવાની તેમજ પીવાના પાણી અને સેનીટેશનની સગવડ હોય તેમજ થીયરીના અભ્યાસ માટે વર્ગખંડ અને શારીરિક તાલીમ અંતર્ગત દોડ માટેનું મેદાન હોય તેવી શૈક્ષણિક/અન્ય સંસ્થાઓ પાસેથી તા.૧૫/૦૫/૨૦૧૯ સુધીમાં દરખાસ્ત મંગાવવામાં આવે છે.
આ નિવાસી તાલીમવર્ગના સંચાલન માટે ફક્ત ૪૫ દિવસ પૂરતી કો-ઓર્ડીએટરની કરારના ધોરણે નિમણુંક કરવાની થાય છે. આ માટે કોઈ પણ પ્રવાહમાં ગ્રેજ્યુએટની લાયકાત ધરાવતા પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. અરજી પત્રકનો નમૂનો જિલ્લા રોજગાર કચેરી, પાટણ પાસેથી મેળવી અત્રેની કચેરીને તા.૧૫/૦૫/૨૦૧૯ સુધીમાં પોસ્ટ દ્વારા/રૂબરૂમાં અરજી આપવાની રહેશે તેમ રોજગાર અધિકારી, પાટણની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાલનપુરમાં ઉત્કર્ષ પ્રવચન માળાની પૂર્ણાહુતીમાં ૨૫ હજારથી વધુ હરિભક્તો આરતીમાં ભાગ લીધો




સ્વામિનારાયણ બીએપીએસ સત્સંગ મંડળ પાલનપુર દ્વારા શહેરના બેચરપુરા ફટાક પાસે લક્ષ્મીપુરા વિસ્તારમાં માનવ ઉત્કર્ષ પ્રવચન માળા નું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૩૦ એપ્રિલ થી ૪ મે સુધી આંતરરાષ્ટ્રીય વક્તા પૂજ્ય અપુર્વમુનિ સ્વામી દ્વારા રોજ જીવન સુધારણાના વિવિધ કથા વિષયો પર પ્રવચન આપી રહ્યા છે. ગઈકાલે ચોથા દિવસે પૂજ્ય અપૂર્વમુનિ સ્વામીજીએ × હું અને મારા સુખ-શાંતિ × વિષય પર રસપ્રદ સમાજ જીવનમાં માનવ ઉત્કર્ષ પર ભાર મુક્યો હતો. આ પ્રંસગે વિશાળ જનમેદની સાથે ભક્તો ઉમટ્યા હતા. આજે માનવ ઉત્કર્ષ પ્રવચન માળાનો છેલ્લો દિવસ છે.ત્યારે ચોથા દિવસે સ્વામી અપૂર્વમુની સ્વામી એ પ્રવચન કહ્યું હતું કે જીવનમાં માનવી માન અને નામ માટેનું અહમ લઈને ફરે છે ત્યારે આજના જીવનમાં સમય સાથે ભલા ભલાના નામ ભૂંસાઈ ગયા છે અને માન માટે આજનું માનવી દુ:ખી થઈ રહ્યા છે..આજે માનવ ઉત્કર્ષ પ્રવચન માળાની પુર્ણાહુતી પ્રંસગે બીએપીએસ સંસ્થા પાલનપુર દ્વારા ખીચડી પ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું છે જેને લઈ ચડોતર પાસે આવેલ બીએપીએસ સંસ્થા ખાતે હરિભક્તો દ્વારા ખીચડીના ૨૫ હજાર થી વધુ પ્રસાદનું પેકીંગ કરવામાં આવ્યું હતું.આજે છેલ્લા દિવસે ૩૦ હજાર જેટલા હરિભક્તિ માનવ ઉતકર્ષ પ્રવચન મેળા માં ભાગ લેવાના છે જ્યાં ખીચડી ના પ્રસાદ નું વિતરણ કરવામાં આવ્યું હતું.
સ્વામિનારાયણ બીએપીએસ સત્સંગ મંડળ પાલનપુર દ્વારા શહેરના બેચરપુરા ફટાક પાસે લક્ષ્મીપુરા વિસ્તારમાં માનવ ઉત્કર્ષ પ્રવચન માળાના છેલ્લા દિવસે હજારો ની જનમેદની સાથે ઉમટ્યા હરિભક્તો.પૂર્ણાહુતિ ના દિવસે હજારો હરિ ભકતો હાથમાં દીવડા પ્રગટાવી ભગવાન ને આરતી થી વધાવ્યા હતા.આપ જોઈ શકો કે ડ્રોન કેમરા ના નજારો જ્યાં ૨૫ હજાર થી વધું હરિભક્તો છેલ્લા દિવસે ઉપસ્થિત રહી મહાઆરતી માં જોડ્યા હતા તેમજ આકાશમાં રંગબેરંગી ફટાકડા થી આતશબાજી કરવામાં આવી હતી હું અને મારી શ્રધ્ધા પર છેલ્લા દિવસે સ્વામિ એ પ્રવચન આપ્યું હતું પૂજ્ય સ્વામી અપૂર્વમુનિ એ હિન્દુત્વ પર પ્રવચન આપી પ્રકાશ પાથર્યો હતો તેમજ ઉપસ્થિત ભક્તો ને વ્યસન મુક્તિ કરાવ્યા હતા.

## પશુપાલકોને પડતા પર પાટૂ, બનાસ દાણની કિંમતમાં ભાવવધારો ઝીંકાયો

બનાસકાંઠા,તા.૬
બનાસકાંઠાના પશુપાલકોને મોટો ફટકો પડે તેવા હાલ અહેવાલ મળી રહ્યા છે. થોડાસમય પહેલા બનાસકાંઠાના પશુપાલન સાથે સંકળાયેલા લોકો માટે દૂધના ભાવમાં વધારો આપીને ખુશખબર આપ્યા હતા, પરંતુ તેના થોડા જ સમયમાં પશુપાલન કરનાર લોકોને માઠા સમાચાર મળી રહ્યા છે. આ સમાચારને પગલે લોકોમાં નિરાશા જોવા મળી રહી છે. હાલ બનાસદાણની પ્રત્યેક બોરી દીઠ રૂપિયા ૧૦૦નો વધારો ઝીંકવામાં આવ્યો છે.
હાલ બનાસદાણની પ્રત્યેક બોરીનો ભાવ રૂપિયા ૧૧૭૫થી વધીને રૂપિયા ૧૨૭૫ કરવામાં આવ્યા છે. હાલ સમગ્ર રાજ્યભરમાં ઉનાળામાં પાણીની તંગીનો પ્રશ્ન ચાલી રહ્યો છે. પશુઓને ઘાસચારા માટે પણ પાણીની તંગી છે, ત્યારે પાણી અને ઘાસચારાની તંગી વચ્ચે પશુપાલકોને ફટકો પડે તેવા અહેવાલના કારણે પડતા પર પાટૂ જેવી સ્થિતિ ઉદ્દભવી છે. હવે પશુપાલકો કહી રહ્યા છે કે, રાજ્યમાં ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે, જેથી ભાવ વધારમાં આવ્યા છે. હાલ ભાવ વધતા લોકોમાં જબરો રોષ જોવા મળી રહ્યો છે.
બનાસકાંઠા પશુપાલકોને બનાસદાણમાં રૂપિયા ૧૦૦નો વધારો કરવામાં આવ્યો છે. પહેલા બનાસદાણની એક બોરીની કિંમત ૧૧૭૫ હતી, પરંતુ તંત્રએ ૧૦૦ રૂપિયાનો વધારો કરતા હાલ પશુપાલકોને બનાસદાણની ૧ બોરીની કિંમત ૧૨૭૫માં પડશે.

## શિક્ષિકાનો ગળે ફાંસો ખાઈ આપઘાત, સાસરિયા પક્ષ વિરૂદ્ધ ફરિયાદ

મહેસાણા,તા.૬
વડોદરાનાં નસીમબહેન મનસુરીના આઠેક વર્ષ પહેલા મહેસાણાના અમનપાર્કમાં રહેતા ઈમરાન સાથે લગ્ન થયા હતા. પરિવાર સાથે અમનપાર્કમાં રહેતા અને ડિવાઈન ચાઈલ્ડ સ્કૂલની શિક્ષિકા નસીમબહેનના પતિ ઈમરાનભાઈ,પાંચ વર્ષની દીકરી સહિત પરિવારજનો સવારે બહાર ગયા હતા. ત્યારે ૩૫ વર્ષીય નસીમબેન એકલા હોઈ ઘરમાં પંખે લટકી જીવન ટૂંકાવ્યુ હતું.
પંચનામાની કાર્યવાહી કર્યા બાદ પેનલ ડોક્ટરની પોસ્ટમોર્ટમ કરીને મૃતકની લાશ તેણીના પિતાને સોપાઈ હતી. મૃતકનાં પિતા ભીખુભાઈ વલીભાઈ મનસુરી રહે વડોદરાએ દીકરી નસીમને તેણીનાં પતિ ઈમરાનભાઈ, સાસુ, સસરાએ માનસિક ત્રાસ ગુજારી મરવા દુષ્પ્રેરણા કરતાં આ પગલુ ભર્યાનો આક્ષેપ કર્યો હતો. લગ્ન બાદ રૂ. ૧૦ લાખની માગણી કરી હતી જેમાં રૂ. બે લાખ આપ્યા પછી રૂ. ૮ લાખની માગણી કરતા હતા. સાસરિયાના ત્રાસથી દીકરીએ આત્મહત્યા કર્યાના આક્ષેપ સાથે ભીખુભાઈ વલીભાઈ મનસુરીએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મૃતક મહિલાના પતિ ઈમરાનભાઈ તેમજ સાસુ,સસરા વિરુદ્ધ કલમ ૩૦૬ હેઠળ ફરિયાદ નોધાવી હતી.

## નર્મદામાં ખારાશ રોકવા બે વર્ષ બાદ હવે ભાડભુત પાસે પાળો બનાવાશે

ભરૂચ,તા.૬
ભરૂચ તાલુકાના નાંદથી ભાડભુત સુધીના ૬૦ કિમીના વિસ્તારમાં નર્મદા નદીમાં ખારાશ અટકાવવા માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાની ભાડભુત બેરેજ યોજનાના ભૂમિપૂજનના બે વર્ષ બાદ પણ ટેન્ડરિંગની કાર્યવાહી પૂરી થઈ શકી નથી. બીજી તરફ ડેમમાંથી પાણી નહીં છોડાતા દરિયાના પાણી નદીમાં



નાંદથી પણ આગળ વધી રહ્યાં છે ત્યારે નદીમાં ખારાશ રોકવા માટે ભાડભુત પાસે જ ૧.૫ કિમીની લંબાઈનો હંગામી પાળો બનાવી સંતોષ માનવામાં આવશે.
છેલ્લા ચાર વર્ષથી નર્મદા ડેમમાંથી પાણી નહીં છોડાતા કેવડિયાથી ભાડભુત સુધીના ડાઉનસ્ટ્રીમના ૧૬૧ કિમીના વિસ્તારમાં નદી સુકીભઠ બની છે. ભરતીના પાણી દરિયામાં પરત જતાં ન હોવાથી હવે નદીમાં દરિયાના પાણીની હાજરી જ જોવા મળે છે. દરિયાના પાણી રોકવા માટે ભાડભુતમાં ૪,૦૦૦ કરોડના ખર્ચથી ભાડભુત નજીક વિયર કમ કોઝવે બનાવવાના પ્રોજેકટનું ઓકટોબર ૨૦૧૭માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન કરાયું હતું. ભૂમિપૂજનના એક વર્ષ બાદ ૨૦૧૮માં રાજય સરકારે વિયર કમ કોઝવે માટે ૩,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. ભૂમિપૂજનના બે વર્ષ બાદ પણ ભાડભુત બેરેજ માટે ટેન્ડરિંગની પ્રક્રિયા પણ પૂરી થઈ શકી નથી.

## ઊંઝાના કહોડા ગામે કાકા પર હુમલો કરનાર ભત્રીજાને ત્રણ વર્ષની કેદ

ઊંઝા, તા. ૬
ઊંઝા તાલુકાના કહોડા ગામની સીમમાં ભત્રીજાએ કાકા પર કરેલા હુમલાના કેમસાં ઊંઝા અદાલતે આરોપીને ગુનેગાર ઠેરવી ત્રણ વર્ષની સખત કેદની સજા સાથે દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.
ગત જાન્યુઆરી માસમાં કહોડા ગામે ફરિયાદી અરવિંદભાઈ કાશીરામ પટેલ અને તેમના પત્નિ સાંજના સુમારે ખેતરમાં ગયા હતા જ્યાં તેઓ ભત્રીજાના ખેતરમાંથી પસાર થતા ભત્રીજાએ ઉશ્કેરાઈ કોદાળીના હાથાવડે તેમના પર હુમલો કર્યો હતો જેમાં ડાબા હાથે ફેક્ચર થવા પામ્યું હતું. આ કેસમાં ઊંઝા અદાલતના એડિશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ હિરેન ઠાકર સમક્ષ સરકારી વકીલ વિજય બારોટની દલીલોને ધ્યાને લઈ આરોપી હસમુખભાઈ નરોત્તમદાસને ઈપીકો કલમ ૩૨૫ના ગુના અન્વયે કસૂરવાર ત્રણ વર્ષની સખત કેદ તથા દસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.




## સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા ૮૫૦ બાળકોને સ્લીપર વિતરણ કરાયા

સદભાવના ગ્રુપ ટ્રસ્ટ દ્વારા અમીરગઢ વિસ્તારની શાળઓના બાળકોને ઉનાળાની ગરમીમાં રાહત મળી રહે માટે ખુલ્લા પગે ફરતા ૮૫૦ બાળકોને સ્લીપર વિતરણ કરવામાં આવ્યું.આજ રોજ કરમદી,ગુડા,અને ડાભચતરા શાળાના બાળકોને તેમના દ્વારે તેમની શાળામાં જઈને તેમના પગના માપના પ્રમાણે શહેરી વિસ્તારના બાળકો પહેરે એવી ગુણવતાના સ્લીપર વિતરણ કરવામાં આવ્યા હતા.આ બાળકો આવી ૪૫ ડિગ્રી તાપમાનની ગરમીમાં પણ ખુલ્લા પગે શાળામાં અભ્યાસ અર્થે આવતા હતા.એમની મુશ્કેલી સમજી સદભાવના ગ્રુપના યુવાનો પાલનપુરથી ઉચ્ચ ગુણવત્તા વાળા સ્લીપર ખરીદ કરી તેમના પગમાં પહેરાવ્યા હતા.અનેક બાળકો એવા પણ હતા કે લાંબા ટાઈમથી ખુલ્લા પગે ફરવાના કારણે એમના પગના તળિયામાં નાની ખીલી જેવા રીત સરના કાણા પડી ગયેલા પણ માલુમ પડ્યા હતા.